RNI No.: GUJGUJ/2015/65690

ॐकार संप्रदाय
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ: ૧૦ | અંક: ૧ | જુલાઈ - ૨૦૨૪ | કિંમત: ૧૦/-



# માનવમાંથી મહામાનવ બનવાની ક્રિયા
## સાધકમાંથી સિદ્ધ બનાવી દેનાર
## અતિશક્તિશાળી પ્રચંડ અને દુર્લભ શક્તિપાત એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ
ભાગ-૧, ભાગ-૨

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**



॥ ૐ નમઃ ॥

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

## ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ

**સહતંત્રી** મિહિરભાઈ શાહ



**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No. : E/21646/Ahmedabad

સદ્ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯



**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

જુલાઈ -૨૦૨૪ | પાના નં: ૨૪
વર્ષ: ૧૦ | અંક: ૧
કિંમતરૂ.: ૧૦/-


# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

ૐકાર સંપ્રદાયના આ મહિનાના મેગેઝિનમાં આપવામાં આવેલ શ્રાવણ માસની દિવ્ય સાધના તેમજ ભગવાન શ્રીકૃષ્ણના સાક્ષાત્કાર માટે ગુરુજીએ રચિત કરેલ સિદ્ધ મંત્ર કરી આપના જીવનને ધન્ય બનાવવાનો લાભ ચૂકવો જોઈએ નહિ, કારણકે લાખો જન્મના ફેરા ફર્યા પછી પણ જે સાધના અને મંત્ર સુધી ના પહોંચાય એ આપને ઘરેબેઠાં મળી રહ્યા છે તો આપનું સદ્ભાગ્ય સમજી સાધના અવશ્ય કરો.

મંત્રથી જ આ બ્રહ્માંડનું સર્જન થયું છે. આ પૃથ્વીને બચાવવી હોય તો મંત્રસાધના જ એકમાત્ર વિકલ્પ છે.

અહીં ગુરુજી રચિત એક ગઝલ રચના રજૂ કરું છું.

## 'યાદ એ આવ્યા'

અમે ભૂલવા મથ્યા કિંતુ વધારે યાદ એ આવ્યા,
સુતી વેળા સપનામાં ને સવારે યાદ એ આવ્યા ;

કરીને બંધ આંખો બે ડૂબીને સ્મૃતિના દરિયે,
કર્યા જે પણ વિચારો એ વિચારે યાદ એ આવ્યા ;

સિતારા સાથ કરતા વાત શ્યામલને ગહન રાતે,
ગગનના મૌનને મોઘમ ઈશારે યાદ એ આવ્યા ;

બહુ વર્ષો પુરાણી એ ખખડધ્વજ વૃદ્ધ ડેલીમાં,
ચરણ મુક્યા મેં જ્યારે જ્યારે ત્યારે યાદ એ આવ્યા ;

અમારી શુષ્ક આંખોને મળે શાતા એ આશયથી,
અમે પહોંચ્યા'તા જે દ્વારે એ દ્વારે યાદ એ આવ્યા ;

અમારી યાદને અણસાર પણ આવે ન એ રીતે,
અમારી જાણ બહાર ક્યારે અમને યાદ એ આવ્યા ?

અમે તો ૐઋષિ એમનું શરણ સ્વીકાર્યું છે,
જે ડમરૂના નાદને અહાલેક હારે યાદ એ આવ્યા.

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો, દિવ્ય સાધનાઓ તેમજ વિવિધ દિવ્ય રાહો દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ

॥ ૐ નમઃ ॥

# ૐકારધામ મહાતીર્થની દસમી સાલગીરી નિમિત્તે ધજા મહોત્સવ

**તીર્થ સ્થાપક પ્રથમ પીઠાધિશ્વર મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિની પાવન નિશ્રામાં ૐકારધામ મહાતીર્થની ધન્યધરા પર યોજાયેલ ભવ્યાતિભવ્ય ધજા મહોત્સવની દિવ્ય ઝલક....**

**ભગવાનના અઢાર અભિષેક, સત્તરભેદી પૂજા તેમજ પાંચ મંદિરના પાંચેય શિખર પર ધજા રોપણના આ ભવ્ય મહોત્સવમાં ભાવિક ભક્તોએ પુણ્ય પ્રાપ્ત કરવાના આ અમૂલ્ય અવસરનો ખૂબ જ ઉત્સાહભેર લાભ લીધેલ...**











# સદ્ગુરુ ૐઋષિ અને ધજા મહોત્સવ



# સદ્ગુરુ ૐઋષિ અને ધજા મહોત્સવ




## શ્રાવણ માસમાં ભગવાન શિવના દિવ્ય આશિષ અને પુણ્ય પ્રાપ્ત કરવા માટે

# ચમત્કારિક મંત્રસાધના

ગયા વર્ષમાં શ્રાવણ માસના પંદર દિવસ પહેલા ભક્તશ્રી રાજેશભાઈ રાવલ મારા દર્શનાર્થે આવ્યા હતાં. તેઓશ્રી ભગવાન શિવના પરમ ઉપાસક છે અને છેલ્લા કેટલાંય વખતથી પ્રત્યેક શ્રાવણ માસ દરમ્યાન મારી પાસેથી ભગવાન શિવનો સિદ્ધ મંત્ર લઈને મંત્રસાધના કરે છે.

દર વર્ષે હું એમને મંત્ર સિદ્ધ કરીને આપું અને એ નિયમિત રીતે ભગવાન શિવનો મંત્ર શ્રાવણ માસ દરમ્યાન કરે અને સાથે-સાથે યુ-ટ્યુબ ચેનલ ઉપર આપેલા મારા મંત્રશક્તિપાત પણ શ્રવણ કરે.

હવે હું ગયા વર્ષની ઘટના પર આવું છું. વર્ષોના નિયમ પ્રમાણે રાજેશભાઈ આ વખતે પણ મારી પાસેથી ભગવાન શિવની કૃપા અને દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત કરવા મારો રચિત કરેલ એક મંત્ર શ્રાવણ માસની સાધના કરવા માટે લઈ ગયા હતાં. શ્રાવણ માસ શરૂ થયો અને એમણે મંત્રસાધના શરૂ કરી. શ્રાવણ માસ દરમ્યાન રોજ એ ભગવાન શિવના મંદિરે દર્શન માટે જાય અને ત્યારબાદ મારા આશીર્વાદ લેવા આવે. આ એમનો નિત્યક્રમ હતો.



શ્રાવણ માસની પૂનમના દિવસે અચાનક એમને જયપુર જવાનું થયું. સવારના પાંચ વાગે એ જયપુર જવા નીકળ્યા. ડ્રાઈવર ગાડી ચલાવતો હતો અને એ પાછળની સીટ ઉપર બેઠાં હતા અને નિત્ય ક્રમ પ્રમાણે મારો આપેલો મંત્ર કરી રહ્યા હતા. અચાનક ઉદેપુરથી અડધો કલાક પહેલા ડ્રાઈવરને ઝોકું આવવાથી એનું ગાડી ઉપરનું નિયંત્રણ છૂટી ગયું અને ગાડી બે વાર પલટી ખાઈ ગઈ. એ અને એમનો ડ્રાઈવર બંન્ને ગાડીમાં સભાન અવસ્થામાં હતાં પરંતુ ગાડીમાંથી બહાર નીકળી શકતા ન હતાં. એ વખતે અચાનક એક ઝભ્ભો ધોતી પહેરેલ ભાઈ આવ્યા અને ગાડીનો દરવાજો ખોલીને બંન્નેને બહાર કાઢ્યા. આ ઘટના એટલી ઝડપથી બની કે એમના માટે કશું વિચારવાનો અવકાશ હતો નહિ.

ગાડીમાંથી બહાર નીકળ્યા બાદ રાજેશભાઈ અને ડ્રાઈવર પોતાને કશું વાગ્યું નથીને એ જોઈ રહ્યા હતાં. આટલું જોઈ એમણે સામે જોયું તો ઝભ્ભો ધોતી પહેરેલ એ ભાઈ ત્યાં હતાં જ નહિ. દૂરથી બે-ત્રણ ગાડીવાળા ગાડીને પલટી મારેલી જોઈને દોડતા આવ્યા. રાજેશભાઈની આંખો હજી પણ એ ધોતી-ઝભ્ભાવાળા ભાઈને શોધી રહી હતી પણ એ ક્યાંય દેખાયા નહિ. રાજેશભાઈની ગાડીને ખૂબ જ નુકસાન થયું હતું પણ એમનો અને એમના ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો.

ટોળું વળેલા લોકોએ ગાડીની હાલત જોઈને રાજેશભાઈ અને એમના ડ્રાઈવરને કહ્યું કે "તમે

|| ૐ નમઃ ||

નસીબદાર છો. બાકી આવી હાલતમાં બચી શકાય નહિ.''

રાજેશભાઈ સમજી ગયા કે આ ચોક્કસ ભગવાન શિવની કૃપા છે કે જેમણે પોતાનો દૂત મોકલી એમને બચાવ્યા. આ વાતની સાબિતી એમને ત્રણ વખત મળી અને ત્રણે ત્રણ વખત એમણે મને વિગતવાર ઘટના કહી. પરંતુ આ એમની પોતાની અનુભૂતિ હોવાના કારણે એમણે જણાવ્યા વગર બીજા ત્રણ અનુભવો લખવા મને યોગ્ય ન લાગતાએમને પૂછીને એ અનુભવો સવિસ્તાર આવતા અંકમાં લખીશું.

રાજેશભાઈને ભગવાન શિવનો જે મંત્ર આપ્યો હતો એ મંત્ર અને સાધના આપ સૌ ભક્તજનોને આ શ્રાવણમાસ દરમ્યાન કરવા માટે આપી રહ્યો છું. હું હૃદયથી ઈચ્છું છું અને મારા આશીર્વાદ છે કે આપને કોઈ પીડા વગર માત્ર સાધના કરવાથી ભગવાન શિવના દિવ્ય દર્શનનું સામર્થ્ય મળે.

## શ્રાવણ માસ દરમિયાન ભગવાન શિવની સાધના કરવા માટેની માહિતી

સૌપ્રથમ લાકડાનું બાજઠ લેવું. એના ઉપર વાદળી કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ બીલીના ૫ (પાંચ) પાન, એક મુઠ્ઠી કાળા તલ, એક મુઠ્ઠી મરી અને રૂદ્રાક્ષનો એક મણકો લેવો. ત્યારબાદ નીચે આપેલા ચક્રને કટીંગ કરી લેમીનેશન કરાવીને સ્થાપનમાં મુકવું. ત્યારબાદ નીચે આપેલો મંત્ર ૧૮ (અઢાર) વખત કરી ૐઋષિ રચિત ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ એકવાર કરવો.

### ૐ શ્રી શિવ શિવોહમ્ ઊર્જા ચક્ર

| | | |
|---|---|---|
| ।। ॐ शिवोहमाः ।। | ।। ॐ शिवान्यः ।। | ।। ॐ शिवाल्यः ।। |
| ।। ॐ महादेवः ।। | ।।८८८ः।। | ।। ॐ नंदीन्यः ।। |
| ।।ॐ गणेशायः ।। | ।। ॐ शिवाशक्तिः ।। | ।। ॐ कार्तिकेयः ।। |

## મંત્રઃ ॥ ૐ શિવાન્ય શિવાન્ય શિવોહમ્ નમઃ ॥

કેટલા દિવસની સાધના? : આ સાધના સ્થાપન કર્યાનાં કુલ ૩૦ દિવસ કરવી. વચ્ચે કોઈ દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૩૦ દિવસ ગણીને સાધના કરવી.

સ્થાપન કરવાનો સમય : શ્રાવણ મહિનાનાં પ્રથમ દિવસે સવારે ૭ થી ૧૧ વાગ્યા દરમિયાન સ્થાપન કરવું.

સાધના કરવાનો સમય : કોઈપણ સમયે કરી શકાય.

વસ્ત્ર કયા પહેરવા? : કોઈપણ કલરનાં વસ્ત્ર ધારણ કરી શકાય.

સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલ વાદળી કપડા સિવાયની બધી વસ્તુઓનું પોટલી બાંધીને સ્થાપનમાં મુકેલ ચક્ર સાથે વિસર્જન કરી દેવું. વાદળી કપડાને બીજી કોઈ સાધના કરો ત્યારે ઉપયોગમાં લઈ શકાય તે માટે મુકી રાખવું.



# રક્ષાબંધન

## વર્ષ ૨૦૨૪ માં રક્ષાબંધનના પવિત્ર દિવસે ભાઇને રાખડી બાંધતી વખતે કરવાનો મંત્ર

(૧) સૌપ્રથમ બહેને લાલ અથવા લીલા કલરનાં વસ્ત્ર પહેરવા.

(૨) ભાઈઓએ કાળા વસ્ત્ર સિવાયનાં કોઈપણ વસ્ત્ર રાખડી બંધાવતી વખતે ધારણ કરી શકે છે.

(૩) દરેક બહેનોએ નીચે આપેલો મંત્ર ૩ (ત્રણ) વખત બોલી અને પછી ભાઈને રાખડી બાંધવી.

**મંત્ર : ॥ ૐ શુભમ શુભમ રક્ષિતા રક્ષિતા નમઃ ॥**

રાખડી બાંધ્યા પછી ભાઈને મીઠાઇ ખવડાવવી.

**રક્ષાબંધનના દિવસે રાખડી બંધન બપોરે ૧:૩૦ વાગ્યા થી રાત્રિના ૯ વાગ્યા સુધી કરી શકાય.**

**આ વખતે રક્ષાબંધન તારીખ : ૧૯-૮-૨૦૨૪, સોમવારના રોજ છે.**

**ૐકારનાં દિવ્ય આશીર્વાદ અને ચૈતન્ય દરેક ભાઇ બહેન ઉપર રહે એવા મારા આશીર્વાદ છે.**

॥ ૐ નમઃ ॥

# જન્માષ્ટમી



# જન્માષ્ટમીના પાવન દિનથી

## ભગવાન શ્રીકૃષ્ણની કૃપા અને ઊર્જા પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રસાધના

આપણા પ્રાચીન શાસ્ત્રોમાં જન્માષ્ટમીને ‘‘વ્રતરાજ’’ કહેવામાં આવી છે. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ ભાદ્રપદની કૃષ્ણપક્ષની અષ્ટમીના રોહિણી નક્ષત્રમાં થયો હોવાના કારણે તેને ‘‘કૃષ્ણ જન્માષ્ટમી’’ કહેવામાં આવે છે. સૃષ્ટિના પાલનહાર શ્રીહરિ વિષ્ણુના આઠમા અવતાર એટલે ભગવાન શ્રીકૃષ્ણ. ભગવદ્ ગીતામાં એક લોકપ્રિય કથન એવું પણ છે કે - જ્યારે દુર્ભાવના વધશે અને ધર્મની હાનિ (નુકશાન) થશે ત્યારે બુરાઈને ખત્મ કરવા અને સદ્‌ભાવના બચાવવા હું અવતાર લઈશ. જન્માષ્ટમી એ સદ્‌ભાવનાને વધારવા અને દુર્ભાવનાને દૂર કરવા પ્રોત્સાહિત કરે છે. કહેવાય છે કે ભગવાન વિષ્ણુએ પૃથ્વીને પાપમુક્ત કરવા હેતુ ભાદ્ર માસની કૃષ્ણપક્ષની અષ્ટમીનાં મધ્યરાત્રિએ રોહિણી નક્ષત્રમાં કૃષ્ણ સ્વરૂપે અવતાર લીધો હતો.

આવા પરમ અવતરિત ભગવાન શ્રીકૃષ્ણએ શ્રીમદ્ ભાગવત્ ચાલીસાની રચના કેવી રીતે મારાથી શક્ય બનાવી અને એની પાછળનું દિવ્ય રહસ્ય શું છે એના વિશે આપ સૌને વિસ્તારપૂર્વક અને સંપૂર્ણ સત્ય હું જણાવી રહ્યો છું.

મારા જીવનમાં બનેલી આ એક અલૌકિક ઘટના છે અને આવી દિવ્ય અનુભૂતિ માટે જન્મોના જન્મ પણ ઓછા પડે એવું હું ચોક્કસ કહીશ. આ સત્યઘટના છે વર્ષ-૨૦૨૧ના કોરોનાકાળ દરમ્યાનની જ્યારે હું



|| ૐ નમઃ ||

ૐકારધામ તીર્થ, પાનવામાં કોરોનાના કારણે ત્યાં રહી રહ્યો હતો.

ૐકારધામ તીર્થમાં સાંજનો મારો નિત્યક્રમ એવો હતો કે પાંચેય મંદિરે દર્શન કર્યા બાદ તીર્થની મધ્યમાં મોટા આકારનો ૐ મેં ત્યાં સ્થાપિત કરેલો છે. નિયમિત રીતે હું રોજ બે થી અઢી કલાક ત્યાં વ્હીલચેરમાં બેસતો હતો અને કુદરતના સાનિધ્યમાં બે-અઢી કલાક સતત ૐનું સ્મરણ કરતો રહેતો હતો.

ઘણાં વર્ષો બાદ આ સમય દરમ્યાન શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પઠન પણ હું ત્યાં જ બેસીને કરતો હતો. વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૫ દરમ્યાન મેં શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પઠન કર્યું હતું ત્યારબાદ ૨૦૨૧માં ફરીવાર આખી શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પઠન કરવાનો અવસર મને કોરોનાકાળ દરમ્યાન મળ્યો.

લગભગ એક મહિના સુધી ભગવદ્ ગીતાનું પઠન કરતી વખતે મનમાં હું સતત એવું વિચારતો હતો કે એવું હું શું કરી શકું કે ભગવાન શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન જે પ્રેરણાત્મક છે અને લાખો સંતો ભગવાન શ્રીકૃષ્ણની મહિમા, ગાથા તેમજ એમના ઉપદેશની ચર્ચા પોતાના દૃષ્ટિકોણથી કરતા રહ્યા છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા પર જેટલું લખાયું છે તેમજ જેટલું પણ વિવેચન થયું છે એટલું કોઈપણ ધાર્મિક ગ્રંથ ઉપર આ બ્રહ્માંડમાં નથી થયું. મારા મનમાં એ સંકલ્પને હું રોજ દોહરાવતો હતો કે હે ભગવાન શ્રીકૃષ્ણ આપ મને આપના દર્શન અને કોઈ બોધ આપો, આપ મને કોઈક એવું જ્ઞાન આપો કે જેનાથી હું કશુંક એવું યોગદાન આપી શકું કે મને એવું થાય કે મેં મારા જીવનમાં ભગવાન શ્રીકૃષ્ણના ઉપદેશને મારા જીવનમાં ઉતાર્યો અને આ સંકલ્પ કર્યા બાદ સતત મેં રચિત કરેલો ભગવાન શ્રીકૃષ્ણનો બીજમંત્ર જે એમના સાક્ષાત્કાર માટેનો હતો એનું રટણ કરતો.

બીજમંત્રનું રટણ કરવા પાછળ મારી એવી ભાવના હતી કે હું એમના દર્શનને પામી શકું અને મારા જીવનને એમના દિવ્ય દર્શનથી ધન્ય બનાવી શકું. આ સંકલ્પનું મનોમન સ્મરણ કરતા હું બીજમંત્રનો જાપ રોજ રટણ કરતો હતો.

તમને કદાચ મારી વાત અતિશયોક્તિ લાગશે પરંતુ હું સો ટકા સંપૂર્ણ સત્ય કહી રહ્યો છું. આ સત્યઘટના હું પૂરા હોશહવાશમાં ખુલ્લા મનથી, સાચા મન અને હૃદયથી આ વાત આપને કહું છું. હું જ્યાં બેઠો હતો ત્યાં બરાબર સામે ગોળ ફરતો એક ઓટલો છે.

હું ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કરતા કરતા બીજમંત્રનું રટણ કરતો હતો અને બરાબર એ જ વખતે ભગવાન શ્રીકૃષ્ણનું સંપૂર્ણ સ્વરૂપ મારી સામે પ્રગટ થયું. એમની આભાના તેજોમય પ્રકાશથી હું ધન્ય બન્યો. દર્શનના માધ્યમથી એ મને કોઈ ઉપદેશ આપતા હોય એવું મને સતત અનુભવાયું.

મને લાગતું હતું કે એ ત્રણ-ચાર મિનિટનો સમય મને દર્શનના માધ્યમથી ઉપદેશ આપી રહ્યા છે અને મને કશુંક કહી રહ્યા છે અને હું સાંભળી રહ્યો છું. ચાર મિનિટ પછી ભગવાન શ્રીકૃષ્ણની દિવ્ય આભા જેમ તમે મને જોઈ રહ્યા છો એ જ રીતે હું પણ જોઈ રહ્યો હતો. મારું મન એકદમ સ્થિર અને પ્રજ્વલિત થઈ ઉઠ્યું

હતું અને હું ચોક્કસપણે કહી શકું છું કે આ કોઈ જાતની ભ્રમણા હતી જ નહિ. મેં એમના દર્શન ચર્મચક્ષુથી કર્યા અને મેં એમને સાંભળ્યા.

ત્યારબાદ એમણે કીધેલી વાત અથવા હું સમજ્યો એ વાત ઉપર વિશ્લેષણ અને વિચારણા ચાલુ કરી દીધી. ભગવાન શ્રીકૃષ્ણએ મને કહ્યું શ્રીમદ્‌ ભાગવત તરફ દૃષ્ટિ કર, શ્રીમદ્‌ ભાગવત, આટલું જ મેં સાંભળ્યું છે. આનાથી વધારે એ ચાર મિનિટમાં મને કશું સ્પષ્ટ સમજાયું નથી કે સંભળાયું નથી. હું એમના દર્શનમાં લીન હતો. એમણે જે કંઈ કીધું એ હજુ સુધી હું સમજી શક્યો નથી. એ સમજવાનું કદાચ મારું સામર્થ્ય નહીં હોય. આપ વાંચનારને કદાચ એવું પણ લાગશે કે મારી વાતમાં અતિશયોક્તિ છે અથવા તો મને ભ્રમણા થઈ હશે પણ મને જરા પણ ભ્રમણા થઈ નથી. આ વાત ફરી ને ફરી આપને જણાવી રહ્યો છું.

૩૨ વર્ષના મારા આધ્યાત્મિક જીવનમાં મેં ક્યારેય પણ કોઈ વાત જે અધ્યાત્મ સાથે જોડાયેલી હોય, ઈશ્વર સાથે જોડાયેલી હોય એ વાત હંમેશા સંપૂર્ણ સત્ય જ રજૂ કરી છે અને મારો આ સાક્ષાત્કાર પણ તમને એ જ રીતે રજૂ કરું છું. જે ભક્તજનો ભગવાન શ્રીકૃષ્ણને દિલથી અને પૂરી શ્રદ્ધાથી માનતા હશે એમને મારી વાતની સત્યતા જરૂરથી સમજાઈ જશે. મેં એમના દિવ્ય દર્શન કર્યા અને મેં ચાર મિનિટ માત્ર ભાગવત શબ્દ સાંભળ્યો. ભાગવતની શરણે જા, ભાગવત તરફ પ્રયાણ કર આટલું જ મને સમજાયું.

શ્રીમદ્‌ ભાગવત પર જ્યારે મેં વાંચન શરૂ કર્યું, સમજવાનું શરૂ કર્યું અવતારો વિશે જે પહેલા હું બહુ જ ઊંડાણમાં ગયો હતો તો છતાં વધારે ઉંડાણમાં કદાચ અઢાર વર્ષ પછી શ્રીમદ્‌ ભાગવતમાં ઉતર્યો હોઈશ. ઘણીબધી વાતો નવી લાગી. એક જ વાક્ય મારા મનમાં હતું કે શ્રીમદ્‌ ભાગવતના શરણમાં જા અને મેં કઈ રીતે એ પ્રેરણાથી શ્રીમદ્‌ ભાગવત ચાલીસા લખી એ તમે હવે સમજી શકો છો. હું એમાં લખનાર નથી કે મેં લખી જ નથી. મેં વિરચિત નથી કરી પણ એ મારી પાસે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા કરાવવામાં આવી છે અને કદાચ આ યુગો-યુગો સુધી મારી આ સત્ય વાત હજારો ભક્તોના મનમાં ગૂંજતી રહેશે. હું ઈચ્છું છું કે એમણે મને એક ઉપદેશ આપ્યો છે તો મને આગળ પણ નવો કોઈ ઉપદેશ આપશે અને એટલે જ મેં નક્કી કર્યું છે કે નવા ઉપદેશની પ્રાપ્તિ માટે ઘરે-ઘરે શ્રીમદ્‌ ભાગવત્‌ ચાલીસાનું પુસ્તક નિઃશુલ્ક વિતરણ કરવું અને ભગવાન શ્રીકૃષ્ણના ભક્તો એમાં મને સહાયક બનશે એવી મને ખાતરી છે.

ભગવાન શ્રીકૃષ્ણના પ્રત્યક્ષ દર્શન પામવા એ એક લ્હાવો છે. એ જ જીવનની ધન્ય પળ છે. મેં ક્યારેય વિચાર્યું પણ નહોતું, મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી, મેં ક્યારેય પણ કોઈ ભક્તોને જ્યાં સુધી શ્રીમદ્‌ ભાગવત્‌ ચાલીસાની રચના નહોતી થઈ ત્યાં સુધી કોઈને જણાવ્યું પણ ન હતું.

શ્રીમદ્‌ ભાગવત્‌ ચાલીસાની રચના કઈ રીતે થઈ એનો સવાલ વારંવાર મને પૂછવામાં આવી રહ્યો છે માટે જ મારે આજે આ સત્યઘટના આપની સમક્ષ મુકવી પડે છે. કોઈ મને એવું ના સમજે કે આ મહાન તપસ્વી છે, ના, મને જે કહેવામાં આવ્યું મને જે દર્શન આપવામાં આવ્યા અને મારી પાસે જે કરાવવામાં

આવ્યું એ મેં નિમિત્ત બનીને કર્યું છે. હું અહીંયા કર્તા નથી. જ્યાં હું કર્તા હોઉં છું ત્યાં હું છાતી ઠોકીને કહું છું કે આ મંત્રશક્તિપાત કે મંત્રની રચના મેં કરી છે. આમાં હું કર્તા નથી. આમાં મારું કોઇ જ યોગદાન કે હિસ્સો નથી. સંપૂર્ણતઃ શ્રીમદ્ ભાગવત્ ચાલીસા ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય આશીર્વાદથી એમણે સન્મુખ રહીને મારી પાસે લખાવ્યા છે એવું દઢપણે માનું છું.

આ મારું સત્ય છે અને આ સદા સનાતન સત્ય યુગો-યુગો સુધી રહેશે. કદાચ કોઇને એવું લાગતું હોય કે મને કદાચ ભ્રમ હશે, ભ્રમણા હશે તો મેં બહુ જ ચોક્સાઇ કરી લીધી છે કે કોઇ જગ્યાએ હું ભ્રમણામાં નથી કે નથી ભ્રમિત થયો, નથી હું વિષયથી ચૂક્યો, નથી એમના દિવ્ય દર્શનનો મને કોઇ આભાસ થયો. જે હતો એ બધો જ સાક્ષાત્કાર છે. શ્રીમદ્ ભાગવત્ ચાલીસા લોકો સાંભળશે, પઠન કરશે કેમકે એમને ખબર છે કે એનું મહત્ત્વ કેટલું તેજોમય છે. તો મારે ભગવાન શ્રીકૃષ્ણના મને થયેલા દર્શનની આ ઘટના મારે કહેવી કેમ પડે? પરંતુ જો હું ના કહું અને હું એમ કહું કે મેં જ આ રચના કરી છે તો મને પાપ-દોષ લાગે. મને ભગવાન શ્રીકૃષ્ણએ આ કરાવ્યું છે. તમે માનો, ના માનો એ તમારી મરજીની વાત છે પણ મારે તો મારું સત્ય સ્વીકારવું જ રહ્યું અને એમાં જરાય પણ સંશય મને નથી કે મેં ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કર્યા છે.

ૐકારધામ તીર્થની એ ભૂમિ ધન્ય બની છે જ્યારે સ્વયં પ્રભુનું પ્રાગટ્ય થયું. જીવનની એ અલૌકિક પળ પછી મને એવું લાગ્યું કે આ ક્ષણ પછી કદાચ સદેહ આ દુનિયામાં નથી હું તો પણ મને એનો કોઇ અફસોસ નથી, આનંદ જ છે, પરમ આનંદ જ છે. હું પણ શોધી રહ્યો છું કે દર્શન આપવાનું આ રહસ્ય શું? ભગવાન શ્રીકૃષ્ણએ આ ધરતી પર અવતરિત થઇ મને પહેલીવાર દર્શન આપ્યા અને શ્રીમદ્ ભાગવત ચાલીસાની રચના મને પ્રેરણા આપીને કરાવી એની પાછળનું કારણ શું? ચોક્કસ એનું કારણ હું શોધવાનો પ્રયત્ન કરીશ પરંતુ ભગવાનની લીલા ભગવાન જ જાણે. શ્રીમદ્ ભાગવત ચાલીસાના શબ્દોનું જ્યારે આપ શ્રવણ કરશો ત્યારે ચોક્કસ કહેશો કે આ શબ્દો સ્વયં ભગવાન જ લખાવી શકે અથવા તો ભગવાન જ લખી શકે. કોઇ મનુષ્યના હાથની આ વાત નથી.

હનુમાન ચાલીસાની રચના તુલસીદાસજી પાસે હનુમાનજી જ કરાવી શકે. એ તમે હનુમાન ચાલીસાના પઠન પછી ચોક્કસ અનુભવ્યું હશે. સંત તુલસીદાસજી બહુ જ મહાન જ્ઞાની હતાં. પરંતુ હનુમાન ચાલીસા હનુમાનજી સ્વયં જ્યાં સુધી ના લખાવે ત્યાં સુધી શક્ય નથી.

આ ભારતની ભૂમિમાં લાખો સંતોના દિવ્ય ચમત્કારોની ગાથા આપણે સાંભળતા રહ્યા છે પરંતુ આપણી જોડે આ ચમત્કાર થાય છે, જ્યારે આપણી જોડે આ ઘટના થાય છે અને આ ઘટના જ્યારે હું તમને કહી રહ્યો છું એની પાછળનું કારણ એ છે કે લાખો સંતો પોતાને ઈશ્વરે જે દર્શન આપ્યા છે એની ઘટના કહી શક્યો નહોતા કારણકે ત્યારે ડીજીટલ યુગ ન હતો. એમની વાત રેકૉર્ડ થઇ શકે એમ નહોતી. સત્યઘટના એમના મુખે શ્રવણ કરવાનું ભક્તોના ભાગ્યમાં નહોતું એમ કહેવાય. જ્યારે આજે સત્ય ઘટના હું તમને કહી

રહ્યો છું કે ઈશ્વર છે, ભગવાન શ્રીકૃષ્ણ છે અને આ બ્રહ્માંડ એ ચલાવી રહ્યા છે.

તો ભક્તજનો આ શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનું પઠન કરો જેનું સ્વયં ભગવાન શ્રીકૃષ્ણના તેજોમય આશીર્વાદથી સર્જન થયું છે, એમના જ શબ્દો છે. હું તો માત્ર નિમિત્ત છું. મારે જે કહેવાનું હતું એ સત્ય રીતે સાચા હૃદયથી લખી લીધું છે. ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ આપના પર સદાય રહે અને શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનું શ્રવણ આપના જીવનને ધન્ય બનાવે એવી ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રાર્થના.

હવે હું આપને જન્માષ્ટમીના પાવન દિવસથી ભગવાન શ્રીકૃષ્ણની કૃપા અને ઊર્જા પ્રાપ્ત કરવા માટે દિવ્ય મંત્રસાધના આપું છું.

## ભગવાન શ્રીકૃષ્ણની કૃપા અને ઊર્જા પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રસાધનાની માહિતી

નીચે આપેલો મંત્ર જન્માષ્ટમીથી શરૂ કરી એક વર્ષ સુધીમાં ૧૫૧૦૦૦ (એક લાખ એકાવન હજાર) વખત કરીને સિદ્ધ કરવો અને ૐઋષિ રચિત શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનો પાઠ રોજ એકવાર કરવો.

**મંત્રઃ**

**॥ ૐ કૃષ્ણાય વદત વદત પ્રાંગ નમઃ ॥**



# ઘરમાં ચોરી

## આ 1986ની સત્ય ઘટના છે.

હું જે ઘરમાં જન્મ્યો, મારું બાળપણ જે ઘરમાં વીત્યું એ ઘરના દરેક ખૂણામાં મારી યાદો હજી પણ સચવાયેલી પડી છે. જે મારા મન મસ્તિષ્કમાં હજુ પણ અદ્દલ એવી જ અકબંધ સચવાયેલી છે.

આ વાત 1986ના વર્ષની છે. હું જે ઘરમાં રહેતો હતો એ બંગલામાં એક દિવસ ચોરી થઇ હતી. બંગલાના પહેલા માળે ત્રણ બેડરૂમ આવેલા છે. જેમાં એક બેડરૂમ મારા દાદાનો હતો. દાદાના બેડરૂમનો એક દરવાજો બહાર ગેલેરીમાં પડતો હતો. મે મહિનો ચાલી રહ્યો હતો અને ગરમી પરાકાષ્ટા પર હતી. દાદાએ એ.સી. ચાલુ કરવાના બદલે કુદરતી ઠંડો પવન રૂમમાં આવે માટે ગેલેરીનો દરવાજો ખુલ્લો રાખ્યો હતો. (મૂળ આશય ઇલેક્ટ્રિસીટી બચાવવાનો)

દાદા આમ તો ઘણીવાર ગેલેરીનો દરવાજો ખુલ્લો રાખી સુઇ જતા હતાં. પરંતુ એ દિવસે રાત્રે ચોર પહેલા માળની ગેલેરીમાં ચડી આવ્યો હતો અને બારણાંની પાછળ લટકાવેલા દાદાના ઝભ્ભામાંથી રૂપિયા બે હજાર ચોરી ગયો હતો. (બે હજારની રકમ એ વખતે આજના વીસ હજાર રૂપિયા જેટલી ગણાતી હતી.)

સવારે દાદાને ઝભ્ભો લેતી વખતે એમનું વાદળી પાકીટ ગુમ થયું છે એ ખબર પડી હતી. ઘર આખામાં અને સોસાયટીમાં ચોરી થઇ છે એવી વાત એક કલાકમાં ફેલાઇ ગઇ હતી. (એ વખતે આવી વાતોનો ફેલાવો વોટ્સએપ અને ફેસબુક કરતા પણ ઝડપથી થતો હતો.)

દાદાએ પોલીસ સ્ટેશને ફોન કરીને પોલીસને ઘરે ચોરીની તપાસ કરવા માટે બોલાવી હતી. એ દિવસે મેં પહેલીવાર પોલીસ ઇન્સ્પેકટર અને હવાલદારને નજીકથી જોયા હતાં. આ સમયે મારી ઉંમર આઠ વર્ષની હતી.

દાદા ઇન્સ્પેકટરને બંગલાના ચોકમાં લઇ આવ્યા હતાં. જયાંથી ઉપર ચડવાના પગથિયા બનાવવામાં આવ્યા હતાં.

“ઇન્સ્પેક્ટર સાહેબ, ચોર આ ચોકમાંથી પગથિયાં ચડી ઉપર ગેલેરીમાં મારા બેડરૂમમાં આવ્યો હશે. ચોકનો ઝાંપો ખુલ્લો રહી ગયો હશે અને એ તક ઝડપી ચોર ચોરી કરવા માટે દાખલ થયો હશે. ચોર મારા બે હજાર રૂપિયા અને મારું પાકીટ જેમાં મારું ડ્રાઇવીંગ લાઇસન્સ પણ હતું એ ચોરી ગયો છે." દાદાએ ઇન્સ્પેક્ટરને ચોરી કઇ રીતે થઇ હશે એ સમજાવ્યું હતું.

હું આઠ વર્ષનો જ હતો પરંતુ પોલીસ ઇન્સ્પેકટર અને હવાલદારના વર્તનને જોઇને મને એટલું તો સમજાતું હતું કે એ લોકોને ચોરને પકડવામાં કોઇપણ જાતનો રસ નથી.

“તમને કોઇના પર શંકા ખરી?” ઇન્સ્પેક્ટરે દાદાને પૂછ્યું હતું.

“ના, મને કોઇના પર શંકા નથી. પોલીસ ફરિયાદ પણ મેં એટલે કરી કે પાકીટમાં મારું ડ્રાઇવીંગ લાઇસન્સ હતું અને ચોર ફરીવાર ચોરી કરવાનું સાહસ ના કરે. ચોર ખાલી પૈસા ચોરીને જ ગયો એટલું સારું છે, નહિતર કોઇ કુટુંબના સભ્યોને પૈસા માટે જાનથી પણ મારી શકે. બસ, એટલે જ મેં પોલીસ ફરિયાદ નોંધાવી છે." દાદાએ

ઇન્સ્પેક્ટરને કહ્યું હતું.

"વાત તમારી સાચી છે. અમે તપાસ કરીને ચોરને પકડીશું." ઇનસ્પેક્ટરે એવું ખોટું આશ્વાસન દાદાને આપ્યું હતું.

દાદાના બેડરૂમમાં અને ગેલેરીની તપાસ કરી ઇન્સ્પેક્ટર અને હવાલદાર નીચેના માળે આવ્યા હતાં. ડ્રોઇંગરૂમમાં બેસી, ચા અને મેરી બિસ્કિટ ખાતા ખાતા ચોરો આ એરીયામાં પેધા પડી ગયા છે અને પોલીસ કેટલી સક્રિય છે એની વાતો દાદાને કહી રહ્યા હતાં અને હું પણ સાક્ષી ભાવે ઇન્સ્પેક્ટરની વાતોને સાંભળી રહ્યો હતો પરંતુ મારા મનમાં કોઇક બીજી જ ગડમથલ ચાલી રહી હતી. મારા મનમાં ચાલતી ગડમથલને ઉકેલવા હું મમ્મી પાસે પહોંચ્યો હતો.

"મમ્મી, બાના(દાદીના) બટવામાંથી હું પચાસ પૈસા અને ઘણીવાર રૂપિયો લેતો હોઉં છું. એ ચોરી કહેવાય?" મેં મમ્મીને પૂછ્યું હતું.

"હા, પૂછ્યા વગર લઇએ તો ચોક્કસ ચોરી કહેવાય. તું પૂછીને લે છેને?" મમ્મીએ મારી સામે જોઇ પૂછ્યું હતું.

"હા, પૂછીને જ લઉં છું પણ જ્યારે હું પૂછું ત્યારે બા સુઇ ગયા હોય છે." મમ્મી મારી વાત સાંભળી દંગ રહી ગઇ હતી.

એના હાથમાં રહેલું વેલણ રોટલી વણવાના બદલે મારા બરડાને વણી રહ્યું હતું. હું વેલણનો માર બૂમાબૂમ કરતા સહી રહ્યો હતો ત્યાં મારા બા(દાદી) આવી ગયા હતાં અને વેલણના મારમાંથી મને મુક્તિ અપાવી હતી.

"આ તમારા બટવામાંથી રોજ પૈસા પૂછ્યા વગર લે છે." મમ્મીએ મારા બાને કહ્યું હતું.

"હા, મને ખબર છે. એક-બે વાર એને મેં લેતા જોયો છે પણ પચાસ પૈસા કે રૂપિયો જ લે છે. એમાં વધારે રૂપિયા પડ્યા હોય છતાંય એ અડતો નથી. મને આ વાતની ખબર હતી અને સમજાવવા માટે બરાબર સમયની રાહ જોતી હતી." મારા બાએ મમ્મીને કહ્યું હતું.

મેં બાના બટવામાંથી પૂછ્યા વગર પૈસા લેવા માટે એમની માફી માંગી હતી અને એક સવાલ પણ મેં બાને પૂછ્યો હતો.

"બા, આ ઘર મારું છે એવું તમે કહેતા હતાં. તો આ પૈસા મારા ના કહેવાય?" મેં બાને પૂછ્યું હતું.

"ઘર તારું છે પણ પૈસા તારી માલિકીના નથી માટે કોઇના પૈસા કે વસ્તુ લેતા પહેલા એના માલિકને પૂછવું જોઇએ જેથી એ ચોરી ના કહેવાય." બાએ મને સમજાવતા કહ્યું હતું.

"જો ઘર મારું હોય અને ઘરમાં રહેલા પૈસા મારા ના હોય તો પછી ઘર પણ મારું આમ તો ના જ કહેવાયને?" મેં બાને દલીલ કરી હતી.

એ દિવસ પછી મેં બાના બટવામાંથી ક્યારેય રૂપિયા પૂછીને પણ લીધા ન હતાં. ઘરમાં ચોરી કરનાર ચોર તો પકડાયો ન હતો પરંતુ આ ઘટનાના કારણે અજાણતામાં મારાથી થતી ચોરી બંધ થઇ ગઇ હતી.

જીવનમાં કોઇ ખરાબ ઘટના તમને કંઇક સારું શીખવાડીને જાય છે એ વાતનો પહેલો અનુભવ મને આ ઘટના ઉપરથી થયો હતો. ઘરમાં થયેલી ચોરી ઘરમાં રહેલા એક નાનકડા નિર્દોષ ચોરને સુધારવામાં મદદરૂપ સાબિત થઇ હતી.

લિ.

ૐગુરુ

# આપને મનપસંદ જીવનસાથી પ્રાપ્ત થાય તે માટે ચમત્કારિક મંત્ર ગુરૂચાવી

આજે આપને તારીખ ૧૪ જૂન, ૨૦૨૪ ના બનેલી એક સત્યઘટના કહી રહ્યો છું. આ સત્યઘટના આપ પૂર્ણ સાંભળશો તો આપને ઘણાંબધાં મુદ્દા આપના જીવન સાથે જોડાતા હોય એવું જરૂર લાગશે.

આ વાત ૨૦૧૯ના વર્ષની છે. એ વખતે મે મહિનાનો સમય હતો. ચેન્નઈથી એક પરિવાર મને મળવા માટે અમદાવાદ આવ્યું હતું. એમનો આશય માત્ર મારા આશીર્વાદ લેવાનો ન હતો પરંતુ એમના જીવનમાં ચાલતો એક વિકટ પ્રશ્નના સમાધાનનો પણ હતો. જેનું સમાધાન એમને ક્યાંયથી મળ્યું ન હતું. કદાચ કર્મમાં આનું સમાધાન છે જ નહિ, કર્મમાં એવું જ લખ્યું છે કે આ પ્રશ્નનું સમાધાન થશે નહિ એમ સમજીને એ છેલ્લા દસ વર્ષથી વધારે સમયથી જીવી રહ્યા હતાં.



“આપ આશીર્વાદ આપો કે અમારા વિકટ પ્રશ્નમાંથી અમને સમાધાન મળે. અમારા મિત્ર જે આપને માને છે આપના પર ખૂબ જ આસ્થા અને શ્રદ્ધા ધરાવે છે એમણે કીધું કે ગુરુજીને આપ મળો. ગુરુજી ચોક્કસ કોઈક સમાધાન કરશે.’’ ચેન્નઈથી આવેલા ભાઈએ કહ્યું હતું.

આટલું બોલ્યા બાદ એ ભાઈએ મને પોતાનો પ્રશ્ન જણાવ્યો અને કહ્યું કે “અમારા સંતાનોના લગ્ન થવામાં અવરોધ આવે છે. અમારે બે દીકરીઓ અને એક દીકરો છે. મોટી દીકરી ૩૨ વર્ષની થઈ છે, એના પછી નાની ૩૧ વર્ષની અને દીકરો ૨૯ વર્ષનો થયો છે. ત્રણેયમાંથી કોઈપણ સંતાનનું લગ્ન થઈ રહ્યું નથી. અમે અમારા સંતાનોના લગ્ન માટે ખૂબ પ્રયત્ન કર્યો. આર્થિક સદ્ધરતા તેમજ સંતાનો સંસ્કારી હોવા છતાં લગ્નની વાતનો મેળ પડતો નથી. દરેક ઉપાય અને પ્રયોગો અજમાવી જોયા પરંતુ બધું નિરર્થક છે.’’ એમણે મને એમની આ ફરિયાદ જણાવી.

મેં એમની પાસેથી એમના સંતાનોના ફોટા માંગ્યા. એમણે મને ફોટા મોબાઈલમાં બતાવ્યા.

ફોટા જોઈને કીધું કે “તમારા સંતાનોની ઓરામાં વલત્ય દોષ છે. જે દોષ તમારા સંતાનોના જીવનના લગ્નની બાબતમાં બાધક બની ગયો છે. જેના કારણે લગ્ન તો થતાં જ નથી પરંતુ આ દોષ તમારા સંતાનોના કરીયરના વિકાસને પણ અવરોધે છે અને વલત્ય દોષનું સમાધાન હોવા છતાં તમે કર્મના આધારે બેસી રહ્યા છો.’’ એ ભાઈને સંબોધીને મેં કહ્યું.

“ગુરુજી અમે કર્મ સિવાય બીજું શું વિચારીએ? અમારી પાસે બીજો કોઈ માર્ગ જ નથી.’’ એ ભાઈએ નિરાશ સ્વરે મને કહ્યું.

"તમને જ્યારે એનો મૂળ પ્રોબ્લેમ આજે ખબર પડી છે તેનો માર્ગ છે એ દોષના નિવારણ માટેનો મંત્ર. જો તમારા ત્રણ સંતાનો નિયમિત છ મહિના સુધી એક પણ દિવસ પાડ્યા વગર મારા આપેલા મંત્રનો જાપ અને ૐકાર ચાલીસા કરે તો ચોક્કસ પરિણામ મળી જશે. હું તમને એમ નથી કહેતો કે તમે શ્રદ્ધાની જેમ કરો. હું તમને એમ કહું છું તમારા સંતાનો પાસે આ મંત્ર દવાની જેમ કરાવો." મેં એમને એમના પ્રશ્નના સમાધાનનો માર્ગ સમજાવતા કહ્યું.

પતિ-પત્નીએ એકબીજા સામે જોયું અને કહ્યું કે "ગુરુજી, આપ જેમ કહો તેમ અમે કરવા તૈયાર છીએ. અમારા સંતાનો અમારી વાત નહીં જ ટાળે."

ત્યારબાદ મેં એમને મંત્રસાગરમાંથી ચમત્કારિક મંત્ર આ વલત્યદોષના નિવારણ માટે આપ્યો.

આપ સૌને કદાચ વિશ્વાસ નહીં આવે, પરંતુ આ મંત્રએ એ કાર્ય કર્યું કે જે લાખો રૂપિયાના ખર્ચા કર્યા પછી પણ શક્ય ના હોય.

ચેન્નઈથી આવેલા દંપતીના ત્રણેય સંતાનોએ મંત્ર ચાલુ કર્યા. મોટી દીકરી અને દીકરો બંન્ને નિયમિત મંત્ર કરતા હતાં પરંતુ વચલી દીકરી ખૂબ જ નિરાશ થઈ ચૂકી હતી, હતાશાથી ઘેરાઈ ચૂકી હતી. એને ઈશ્વર પરનો વિશ્વાસ ઉઠી ગયો હતો. એણે મા-બાપને જૂઠું કહ્યું કે હું મંત્ર કરું છું.

મોટી દીકરીએ મંત્ર શરૂ કર્યા એ વાતને ચોથો મહિનો પત્યો હશે એ વખતે ભૂતકાળમાં આવેલી એક યુવકની વાત ફરી શરૂ થઈ. આ યુવક સાથે લગ્નની વાત ચાર વર્ષ પહેલા પણ લગ્ન માટે આવી હતી, પરંતુ એ વખતે મેળ પડ્યો ન હતો. ચાર વર્ષ પહેલા એ યુવકે કોઈ કારણસર ના પાડી હતી, પરંતુ આ વખતે બંન્ને પરિવાર તેમજ એ યુવક અને ભક્તશ્રીની મોટી દીકરી લગ્ન કરવા માટે તૈયાર થઈ ગયા.

મોટી દીકરીનું લગ્ન જ્યાં નક્કી થયું એ જ પરિવારની દીકરી માટે આ પરિવારના એટલેકે આ ભક્તશ્રીના પરિવારના દીકરા માટે વાત આવી જે ૨૯ વર્ષનો હતો. જોયું અંદર-અંદર મંત્રની ઊર્જાથી સંયોગ કેવા ઊભા થાય છે!!! આ ઉત્તમ સંયોગના કારણે દીકરાનું પણ લગ્ન ગોઠવાઈ ગયું.

મોટી દીકરીના લગ્ન લેવાયા, દીકરાનું સગપણ થઈ ગયું પરંતુ નાની દીકરીનો મેળ પડતો ન હતો.

ભક્તશ્રીના મનમાં પ્રશ્ન ઊભો થયો કે "કેમ આમ થયું ગુરુજી?"

મેં કહ્યું "એક કામ કરો. આપ દીકરીને મારી પાસે લેતા આવો."

આખો પરિવાર અમદાવાદ આવ્યો ત્યાં સુધી આ બધી વાતો ફોન પર ચાલતી હતી. મારા માર્ગદર્શન અને દિશાસૂચન પ્રમાણે એ ચાલતા હતાં.

વચલી દીકરીની ઓરા મેં જોઈ. મંત્રની અસર એને થઈ ન હતી.

મેં એને બેસાડી પૂછ્યું કે "બેન, તારા ભાઈ અને બહેન બંન્ને મંત્ર કરે છે, ૐકાર ચાલીસા કરે છે, તું નથી કરતી?

એણે મને કહ્યું કે "ના ગુરુજી, મને વિશ્વાસ અને શ્રદ્ધા ઉઠી ગઈ હતી માટે હું મંત્ર અને ૐકાર ચાલીસા નથી કરતી. પરંતુ મોટી બેન અને ભાઈનું નક્કી થયું ત્યારે મેં અનુભવ્યું કે મારે મંત્ર કરવો જોઈતો હતો. પરંતુ મને ડર લાગતો હતો કે ઘરમાં હું કહું કઈ રીતે? જો ઘરમાં કહીશ તો મમ્મી-પપ્પા બંન્ને ગુસ્સો કરશે."

એની આ વાત સાંભળીને એના પિતાએ એના પર તરત ગુસ્સો પણ કર્યો "તને સમજણ નથી પડતી કે આટલો ઉત્તમ મંત્ર તું કરતી ન હતી."

મેં એમને શાંત પાડ્યા અને દીકરીને એક બીજો મંત્ર આપ્યો.

મેં કીધું કે "ત્રણ મહિના સુધી તું નિયમિત આ મંત્ર કરજે."

એણે મંત્ર ચાલુ કર્યો. ત્રણ મહિનામાં વચલી દીકરીનું સગપણ પણ ગોઠવાઈ ગયું.

હું જાણું છું કે એ મંત્ર તમે પણ જાણવા ઉત્સુક હશો જ અને એટલે જ આજે મંત્રસાગરમાંથી ચમત્કારિક મંત્ર આપું છું.

## :: દિવ્ય મંત્ર ::

## ॥ ૐ વલમ્ય વલમ્ય કાર્યતા નમઃ ॥

**મંત્રની પ્રક્રિયા : આ મંત્ર ૩ વખત કરવો અને ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. મંત્ર રોજ રાત્રે ૯ થી ૧૧ માં કરવો.**

આપ પણ જો યોગ્ય જીવનસાથીની તલાશ કરતા હોય તો આ મંત્ર ઉપર વિશ્વાસ રાખી મંત્ર શરૂ કરી દો. ૐકારના દિવ્ય ચૈતન્ય અને આશીર્વાદ તમારા પર રહે એવા મારા આશીર્વાદ છે.


સદ્ગુરુ ૐઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર ક્લીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી

**અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઈબ કરો.**

YouTube

સ્ટેપ- ૧ યૂ ટ્યૂબ ચેનલ પર ક્લીક કરો
સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"
સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર ક્લીક કરો
સ્ટેપ- ૪ SUBSCRIBE બટન ક્લીક કરો અને Bell (🔔) ની નિશાનીને દબાવો.

સદ્ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય કળશ



# સફળતાના શિખરો
# સર કરવા નીચેનો પ્રયોગ અચૂક કરો.
# દિવ્ય શક્તિ સિદ્ધ કળશ

ઉપર દર્શાવેલ **સર્વતાસિદ્ધ ઉદ્‌વાગ (કળશ)** જે સિદ્ધ જડીબુટ્ટીઓ અને વસ્તુઓથી સજ્જ કરવામાં આવેલ છે. આ કળશનો કોઈ પણ મનોકામનાની પૂર્તિ માટે આપ ઉપયોગ કરી શકો છો. આ મંત્રશક્તિવાળો ઉદ્‌વાગ (કળશ) આપે કોઈ પણ જગ્યાએ જમીનમાં દાટી દેવો. ઉદ્‌વાગ (કળશ) એક વાર દાટી દીધા પછી ક્યારેય બહાર કાઢવો નહિ. કાયમ માટે દાટેલો જ રાખવાનો છે. જેનાથી આપ આ નવા વર્ષમાં સફળતાના શિખર અચૂક સર કરી શકશો. આ મંત્રસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) આપ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો આશ્રમ પરથી ઉપલબ્ધ થઈ શકશે.

નકરો રૂા.૬૫૧/- (છસ્સો એકાવન રૂપિયા) રાખેલ છે. જે દિવ્યાંગોના સેવાકાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે.

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય ઉપાય

ભગવાન શ્રીકૃષ્ણના સાક્ષાત્કાર અને મહાદર્શનની દિશા પ્રાપ્ત કરવા માટે


# ૐ શ્રી શ્રીકૃષ્ણ મહાદર્શન ચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| ॥ ॐ श्री ईन्द्राय: ॥ | ॥ ॐ श्री ईन्द्रदेव: ॥ | ॥ ॐ श्री वासुकीदेव: ॥ | ॥ ॐ श्री सिद्धदेव: ॥ | ॥ ॐ श्री क्षेत्रपालवीर: ॥ |
| ॥ ॐ श्री शेषनागसिद्धा: ॥ | ॥ ॐ श्री सूर्येश्वरदेव: ॥ | ॥ ॐ श्री चंद्रेश्वरदेव: ॥ | ॥ ॐ श्री राजेश्वरदेव: ॥ | ॥ ॐ श्री सूर्यविदन्त्यदेव: ॥ |
| ॥ ॐ श्री राजल्यदेव: ॥ | ॥ ॐ श्री प्रांगम: ॥ |  | ॥ ॐ श्री वांगम:॥ | ॥ ॐ श्री त्रशम: ॥ |
| ॥ ॐ श्री त्रितांश: ॥ | ॥ ॐ श्री नवांश: ॥ | ॥ ॐ श्री ववांश: ॥ | ॥ ॐ श्री यवांश: ॥ | ॥ ॐ श्री त्रवांश: ॥ |
| ॥ ॐ श्री प्रकम्य: ॥ | ॥ ॐ श्री त्रकम्य: ॥ | ॥ ॐ श्री जकम्य: ॥ | ॥ ॐ श्री वजम्य: ॥ | ॥ ॐ शमल्य: ॥ |

ઉપર આપેલ ૐ શ્રી શ્રીકૃષ્ણ મહાદર્શન ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરી લેવું. જન્માષ્ટમીના દિવસથી શરૂ કરીને એક વર્ષ સુધી રોજ ૨૦ સેકન્ડ સુધી આ ચક્રને જોવું. આ દિવ્ય ઉપાયથી આપને ભગવાન શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર અવશ્ય થશે.



॥ ૐ નમઃ ॥



# ભગવાન શિવની કૃપા અને શિવોહમ્ ઊર્જા શ્રાવણ માસ દરમ્યાન પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્રદર્શન

## મંત્ર : ॥ ૐ શિવાલ્ય શિવાલ્ય શિવોહમ્ નમઃ ॥




### ૐ શ્રી મહાદેવ ઊર્જા ચક્ર

| | | |
|---|---|---|
| ।। ॐ शिवात्यः ।। | ।। ॐ शिवाल्यः ।। | ।। ॐ शिवाम्यः ।। |
| ।। ॐ शिवाज्यः ।। | ।। ॐ शिवाक्यः ।। | ।। ॐ शिवास्यः ।। |
| ।। ॐ शिवाताकीः ।। | ।। ॐ शिववातिः ।। | ।। ॐ शिवतातीः ।। |

### ૐ શ્રી શિવોહમ્ શક્તિ ચક્ર

| | | |
|---|---|---|
| ।। ॐ शिवाजः ।। | ।। ॐ शिवाम्ः ।। | ।। ॐ शिवालः ।। |
| ।। ॐ शिवोहम्ः ।। | ।। ८८८ः ।। | ।। ॐ शिवाहरः ।। |
| ।। ॐ शिवाभ्यः ।। | ।। ॐ शिवात्यः ।। | ।। ॐ शिवाम्यः ।। |

### ૐ શ્રી ૧ ૨ જ્યોતિર્લિંગ ચાલીસા ચક્ર

| | | | |
|---|---|---|---|
|  सोमनाथ |  मल्लिकार्जुन |  महाकालेश्वर |  ओमकारेश्वर |
|  केदारनाथ |  भीमाशंकर |  काशीविश्वनाथ |  त्र्यंबकेश्वर |
|  बैद्यनाथ |  नागेश्वर |  रामेश्वर |  धुष्मेश्वर |



(અહીં આપના જમણા હાથનો અંગૂઠો મુકવો)

સૌપ્રથમ આ પેજને કાપીને લેમીનેશન કરાવી દેવું. ત્યારબાદ ઉપર આપેલા અંગૂઠાના નિશાન ઉપર આપના જમણા હાથનો અંગૂઠો મુકી ઉપર આપેલ મંત્ર ૩ વખત કરી એકવાર ૐઋષિ રચિત ૐ શ્રી ૧ ૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ કરવો. શ્રાવણ માસ દરમ્યાન આ સાધના કરવી. મંત્રદર્શનના આ ચક્રથી ભગવાન શિવની કૃપા અને આશીર્વાદ સદાય આપની સાથે રહેશે.

॥ ૐ નમઃ ॥

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન લીલા કલરના વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લાલ કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને વાદળી કલરના વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન આસમાની કલરના વસ્ત્રમાં વાલના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ ગુલાબી કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ સફેદ કલરના વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
| --- | --- | --- |
| ૨૧-૦૭-૨૪ | રવિવાર | ૐ ગાયત્રીદેવી |
| ૨૨-૦૭-૨૪ | સોમવાર | ૐ સરસ્વતીદેવી |
| ૨૩-૦૭-૨૪ | મંગળવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર |
| ૨૪-૦૭-૨૪ | બુધવાર | ૐ શ્રી શિવાશક્તિ |
| ૨૫-૦૭-૨૪ | ગુરુવાર | ૐ શિવોહમ્ |
| ૨૬-૦૭-૨૪ | શુક્રવાર | ૐ શ્રી સૂર્યવિદન્ત્યદેવ |
| ૨૭-૦૭-૨૪ | શનિવાર | ૐ ઈન્દ્રદેવ |
| ૨૮-૦૭-૨૪ | રવિવાર | ૐ ગંગાદેવી |
| ૨૯-૦૭-૨૪ | સોમવાર | ૐ કુબેરદેવ |
| ૩૦-૦૭-૨૪ | મંગળવાર | ૐ સૂર્યદેવ |
| ૩૧-૦૭-૨૪ | બુધવાર | ૐ ચંદ્રદેવ |
| ૦૧-૦૮-૨૪ | ગુરુવાર | ૐ બુધદેવ |
| ૦૨-૦૮-૨૪ | શુક્રવાર | ૐ ગુરુદેવ |
| ૦૩-૦૮-૨૪ | શનિવાર | ૐ શનિદેવ |
| ૦૪-૦૮-૨૪ | રવિવાર | ૐ રાહુદેવ |
| ૦૫-૦૮-૨૪ | સોમવાર | ૐ કેતુદેવ |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
| --- | --- | --- |
| ૦૬-૦૮-૨૪ | મંગળવાર | ૐ મંગલદેવ |
| ૦૭-૦૮-૨૪ | બુધવાર | ૐ શુક્રદેવ |
| ૦૮-૦૮-૨૪ | ગુરુવાર | ૐ ત્રિતાંશા |
| ૦૯-૦૮-૨૪ | શુક્રવાર | ૐ દુર્ગેશ્વરીદેવી |
| ૧૦-૦૮-૨૪ | શનિવાર | ૐ શૈલપુત્રીદેવી |
| ૧૧-૦૮-૨૪ | રવિવાર | ૐ બ્રહ્મચારિણીદેવી |
| ૧૨-૦૮-૨૪ | સોમવાર | ૐ સ્કંદમાતાદેવી |
| ૧૩-૦૮-૨૪ | મંગળવાર | ૐ કાત્યાયનીદેવી |
| ૧૪-૦૮-૨૪ | બુધવાર | ૐ ચંદ્રઘંટાદેવી |
| ૧૫-૦૮-૨૪ | ગુરુવાર | ૐ કુષ્માંડાદેવી |
| ૧૬-૦૮-૨૪ | શુક્રવાર | ૐ મહાગૌરીદેવી |
| ૧૭-૦૮-૨૪ | શનિવાર | ૐ સિદ્ધિદાત્રીદેવી |
| ૧૮-૦૮-૨૪ | રવિવાર | ૐ કાલરાત્રિદેવી |
| ૧૯-૦૮-૨૪ | સોમવાર | ૐ હનુમંતા |
| ૨૦-૦૮-૨૪ | મંગળવાર | ૐ વીરહનુમાન |
| | | |

# • સટીક પ્રયોગ •

## ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

આપ આપના જીવનમાં આધ્યાત્મિક ઊર્જા અને આત્મસાક્ષાત્કારની દિશા તરફ આગળ વધતા માંગતા હોય તેમજ આપના ભૌતિક પ્રશ્નોના સમાધાન ઉત્તમ રીતે કરવા ઈચ્છતા હોય તો ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ - ૧ અવશ્ય કરો. ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ આપના જીવનને ત્રિવિધ તાપોમાંથી મુક્ત બનાવી અધ્યાત્મના પથ ઉપર આગળ લઈ જશે.

## જાહેર આમંત્રણ

### "દર્શન માત્ર સે મિટે કષ્ટ"

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

# ગુરૂપૂર્ણિમા ના પાવન દિવસે

ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય

# મહાદર્શન સમાગમ

આપના નસીબને
ચમકાવે એવો સટીક પ્રયોગ
**ગુરુપૂર્ણિમાના**
પાવન દિવસે
પ્રાપ્ત કરો.



**પ્રસાદરુપી ભેટ**

ૐ ગુરુ રક્ષા લક્ષ્મી બ્રેસલેટ
ૐ ગુરુ રક્ષા લક્ષ્મી ચક્ર
ૐ આકસ્મિક ધનલાભ ચક્ર

**શુભ તારીખ**

**૨૧ જુલાઈ, ૨૦૨૪ - રવિવાર**

**શુભ સમય**

**સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

**આંગીફલેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**

**ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ભક્તજનો માટે મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**